શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સમાં સીડબલ્યુડીસી અંતર્ગત વેબીનાર યોજાયો



ગાંધીનગર, તા. ૨૨

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કાર્યરત સીડબલ્યુડીસી (કૉલેજિયન વુમન ડેવલપમેન્ટ સેલ) અંતર્ગત વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરુઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મુખ્યવ વક્તા સુધીરભાઈ દેસાઈનું શાબ્દિક સ્વાગત પ્રિ. ડૉ. એમ. એમ. ચૌધરીએ કર્યું હતું. આજની વર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં વધતા સ્ત્રી જીવનના વિકટ પ્રશ્નો જેવા કે ઘરેલું હિંસા, છૂટાછેડા, ભરણપોષણ, આત્મહત્યા વગેરે સમસ્યામાં મીડિયેશનની ભૂમિકા પર, કલમ નં. ૮૯ અન્વયે વૈકલ્પિક તકરાર નિવારણ પર પેરા લીગલ વોલેન્ટીયર સુધીરભાઈ દેસાઈએ દૃષ્ટાંત આપી વિગતે વાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સીડબ્લ્યુડીસીની વિદ્યાર્થી પ્રતિનિધિ કુ. હિરલ પટેલે કર્યું હતું. તો કાર્યક્રમનું આયોજન અને આભારદર્શન સીડબલ્યુડીસીના કન્વીનર ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલી દ્વારા રાહેલબા વૃદ્ધાશ્રમ મગોડીમાં વૃદ્ધોને ભોજન પીરસાયું

ગાંધીનગર, તા. ૨૨

રાહેલબા વૃદ્ધાશ્રમ મુ. મગોડીમાં જાયન્ટ્સ ગ્રુપ ગાંધીનગર મેઈન તથા સાહેલી દ્વારા અંદાજીત ૫૫થી વધુ વૃદ્ધ સ્ત્રી-પુરુષોને જમાવડાનો લ્હાવો લીધો હતો. આ કાર્યક્રમમાં જાયન્ટસ્ વેલફેર ફાઉન્ડેશન ઉસીના બ્રાન્ચ પ્રમુખ બી એમ પટેલ, મેઈન ગ્રુપના પ્રમુખ વિકેશ પટેલ, નવિન પટેલ, તથા સાહેલી ગ્રુપના પૂર્વ પ્રમુખ શ્રીમતી મનીષા પટેલ, સાહેલી ગ્રુપના ડીએ શ્રીમતી અલ્કા પટેલ, દક્ષાબેન પટેલ અને વિવિધ સાહેલી બહેનોએ ઉમળકાભેર વૃદ્ધ દાદા-દાદીને પ્રેમથી ભોજન પીરસીને જમાડ્યા હતા. તથા તેઓના આશીર્વાદ પણ લીધા હતા.

વિશ્વના પ્રથમ ફાઈબર લેસર કટિંગ મશીન પ્લાન્ટ

સહજાનંદ લેસર ટેકનોલોજીની બીબીએ કોલેજ દ્વારા ઓનલાઈન ઔધોગિક મુલાકાત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) નાં વિદ્યાર્થીઓની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ નું ઓનલાઈન આયોજન કરવામા આવ્યુ હતું. વિદ્યાર્થીઓનાં અભ્યાસની સાથે-સાથે કોર્પોરેટ જગત નો પ્રાયોગિક અનુભવ થાય એ હેતુ થી બીબીએ નાં ૨૪૨ વિદ્યાર્થીઓ ની સમગ્ર વિશ્વ માં ફાઈબર લેસર કટિંગ મશીન નાં પ્રથમ ઉત્પાદક પ્લાન્ટ તરીકે નું ગૌરવ મળેલ છે તેવી સહજાનંદ લેસર ટેકનોલોજી પ્રા.લી. ની ઓનલાઈન મુલાકાત કરી હતી. પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા ઉપરોક્ત કંપની ને આમંત્રિત કરવા માં આવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન કરવા માં આવ્યું હતું. આ કંપની નાં વ્યવસાયિક સંબંધો બ્રિટન,અમેરિકા,ચીન,જર્મની તેમજ જીમ્બાવે જેવા દેશો સાથે છે. કંપની ને વિક્રમ સારાભાઈ – યુવા વિજ્ઞાન પ્ધ્યોગીકરણ એવોર્ડ, નેશનલ એવાર્ડ એક્સીલન્સી ઈન ઈલેક્ટ્રોનિક,ગેસિયા અવોર્ડ ફોર એક્સીલન્સી તેમજ બેસ્ટ ઈનોવેશન ઈન ટેકનોલોજી જેવા પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય એવાર્ડ મળી ચુક્યા છે. વિદ્યાર્થીઓ ને કંપની ના અધિકારી દ્વારા મહત્વપૂર્ણ મુદ્દાઓનું માર્ગદર્શન આપ્યું હતું. તેમજ કંપની વિષેની ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓ ને આપવા માં આવી હતી.જેમાં માર્કેટ, ઈન્સ્ટ્રૂમેંટ, એડમિનિસ્ટ્રેશન, બેકઓફીસ, આઈ.ટી.વિભાગ, પ્રોડક્શન વિભાગ, માર્કેટ વિભાગ બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. અત્રે વિદ્યાર્થીઓને તમામ પાસાઓની સમજ અહીં મુલાકાત દરમ્યાન ઊંડાણપૂર્વક વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

સ્નાતક કક્ષા એ પ્લેસમેંટ તેમજ ઈન્ટેન્શીપ કરાવતી ગુજરાત ની પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે બીબીએ કૉલેજ વિદ્યાર્થીઓને અભ્યાસ ની સાથેસાથે પ્રેક્ટિકલ જ્ઞાન, ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ,ઈન્ટેન્શીપ દ્વારા તાલીમ આપે છે. કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ. જયેશ.જે.તન્ના અને ડો. આશિષ ભુવા,ધર્મેન્દ્રસિંહ રાઠોડ ડો.અમિતા પ્રજાપતિ,ડો માર્ગી દેસાઈ, ડો પ્રજ્ઞેશ નવલખા દ્વારા સંકલન કરવા માં આવ્યું હતું.

રામાજીના છાપરા પ્રા. શાળાના શિક્ષિકા ગીતાબેન ગજ્જર 'ગુજકોસ્ટ'ની નિબંધ સ્પર્ધામાં દ્વિતીય

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકાર દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિન'ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષિકા ગીતાબેન મનુભાઈ ગજ્જરનો નિબંધ સ્પર્ધામાં રાજયકક્ષાએ દ્વિતીય નંબર આવ્યો હતો. તેઓને રોકડ પુરસ્કારનો ચેક તથા પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

રાજય કક્ષાએ ગુજકોસ્ટ આયોજિત નિબંધ સ્પર્ધામાં દ્વિતીય નંબર મેળવતા વિદ્યાર્થીઓ, સ્ટાફ પરિવાર, આચાર્ય, સી.આર.સી., ગ્રામજનો તથા સર્વે સ્નેહીજનોએ હર્ષની લાગણી અનુભવી અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

ગુણવંત ડી ગોહેલ
મો. ૯૦૩૩૦ ૨૪૬૪૫

દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦

ભાનુપ્રસાદ આર જોષી
મો. ૯૪૨૭૫ ૪૩૯૭૯

કીર્તિભાઈ ઉપાધ્યાય
મો. ૯૨૨૭૪ ૨૦૪૨૮

રંજનબેન કે ભટ્ટ
કલાશ્રી ડોલ્સ ફેબ્રીક શિલ્પ આર્ટીસ્ટ
મો. ૯૩૭૬૧ ૬૨૫૧૫

કર્તવ્ય જિજ્ઞેશ શાહ
મો. ૯૮૯૮૭ ૭૯૦૧૧



પ્રાન્સી પટેલ
મો. ૯૪૨૯૭ ૨૬૮૩૭

યુવરાજસિંહ બારીયા
મો. ૮૧૪૧૬ ૪૯૦૬૦

શ્રીજા ત્રિવેદી

ફુલદીપ ઠાકોર
મો. ૮૧૪૦૪ ૯૨૦૭૯

બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલયના ડૉ.પરેશ મોરધરાની NSSના રાષ્ટ્રીય પુરસ્કાર માટે પસંદગી થઈ

ગાંધીનગર,તા. ૨૨

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર એન.એસ.એસ. યુનિટ તેમજ પ્રોગ્રામ ઓફિસરને ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના(NSS)ના ગૌરવવંતા રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.જેના ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે. વી.એમ. કોમર્સ કોલેજ), વલ્લભ વિદ્યાનગરના એન.એસ.એસ. યુનિટ અને પ્રોગ્રામ ઓફિસર ડૉ.પરેશકુમાર યુ. મોરધરાની તેઓના દ્વારા કરવામાં આવેલ શ્રેષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૧૮-૧૯ના રાષ્ટ્રીય સેવા યોજના(NSS)ના ગૌરવપ્રદ રાષ્ટ્રીય પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવેલ છે.



આ પુરસ્કાર એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.પરેશ મોરધરાને તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા વર્ચુયલ મોડ (Virtual Mode) દ્વારા એનાયત કરવામાં આવશે.

આ ગૌરવપ્રદ પુરસ્કાર માટે થયેલ પસંદગી બદલ ચારુતર વિદ્યામંડળના માનનીય અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, માનદ મંત્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ સહમંત્રી સર્વશ્રી આર.સી.તલાટી, મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ તથા સી.વી.એમ.ના સર્વે હોદ્દેદારો તેમજ બી.જે.વી.એમ પરિવારના સર્વે સભ્યો તથા વિદ્યાર્થીઓએ પ્રિ. ડૉ. કેતકી શેઠ અને પ્રોગ્રામ ઓફિસર ડૉ.પરેશ મોરધરાને હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવી હતી.

રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ.પરેશ મોરધરા અને સ્વયંસેવકો નિસ્વાર્થ ભાવે દત્તક લીધેલ ગામ સહિત કોલેજ કક્ષાએ, રાજય કક્ષાએ, અને રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

સંત રાજીન્દરસિંહજી મહારાજની ૭૪મી જન્મતિથિની ઉજવણી કરાઈ

ગાંધીનગર,તા. ૨૨

મહારાજજી એ 'જન્મદિવસનો આધ્યાત્મિક અર્થ' ઉપર યુ ટ્યુબ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સના શિકાગોથી સત્સંગ કરીને એક વિશેષમાં પ્રેમ, શાંતિ અને ધ્યાનનો વૈશ્વિક સંદેશ મોકલ્યો હતો.

જન્મદિવસના આધ્યાત્મિક અર્થ વિશે ચર્ચા કરતા સંત રાજીન્દરસિંહજી મહારાજે કહ્યું કે આપણે આ માનવ જન્મનો સાચો અર્થ સમજીએ તો જ્યારે આપણે કોઈ પ્રબુદ્ધ વ્યક્તિના અથવા સંતના કમળના પગ સુધી પહોંચીએ છીએ અને ભગવાન તરફ પગલાં લેવા પ્રારંભ કરીએ છીએ ત્યારે સાચા અર્થ મા જન્મદિવસ ગણાય.

સંત રાજીંદરસિંહજી મહારાજે સમજાવ્યું કે 'સંતનું માર્ગદર્શન અને નિસ્વાર્થ સેવા જીવન જીવવાથી આત્માને મુક્તિ મળે છે,

અને તેથી આપણે જીવન અને જન્મદિવસના આધ્યાત્મિક મહત્વને સમજી શકીએ છીએ.આપણે બધા આપણા જન્મદિવસની શારીરિક કક્ષાએ ઉજવણી કરીએ છીએ. જન્મદિવસનો અર્થ એ છે કે બીજું વર્ષ પસાર થયું, જ્યારે આપણે આપણા શારીરિક અસ્તિત્વ વિશે શીખ્યા. પરંતુ જ્યારે આપણે જીવનના આધ્યાત્મિક મહત્વ વિશે વિચારીએ છીએ, ત્યારે આપણે અનુભવીએ છીએ કે ભગવાન આપણને આ માનવ શરીર આપવા માટે ખરેખર કૃપાળુ છે કેજેમાં આપણે ભગવાનને જાણી અને શોધી શકીએ. જન્મદિવસનું એક મહાન આધ્યાત્મિક મહત્વ છે, અને તે ભગવાનને જાણવું અને પિતા પરમેશ્વર સાથે એકતા અને આનંદની સ્થિતિમાં રહેવા માટે સક્ષમ બનવું છે. તે જ જીવનનો હેતુ છે.

સંત રાજીન્દરસિંહજી મહારાજ આંતરિક પ્રકાશ અને ધ્વનિ પર ધ્યાન દ્વારા આંતરિક અને બાહ્ય શાંતિને પ્રોત્સાહન આપવાના તેમના કાર્ય માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત થયેલ છે. વૈશ્વિક ધ્યાનના શિક્ષક અને એક લેખક, સંત રાજીન્દરસિંહજી મહારાજ છેલ્લા ૩૦ વર્ષથી શાંતિ, પ્રેમ અને માનવ એકતાનો સંદેશો ફેલાવવા માટે વિશ્વભરમાં માન્યતા પ્રાપ્ત છે. વિજ્ઞાન અને આધ્યાત્મિકતા એક જ સિક્કાની બે બાજુ કેવી રીતે છે તેના પરના તેમના વિચારો વિશ્વભરમાં સ્વીકારાય છે. તેઓ શ્રેષ્ઠ લેખક અને તેમને વિવિધ દેશો દ્વારા પાંચ માનદ ડોકટરેટની સાથે અનેક પ્રશંસા પ્રાપ્ત કરી છે.

૩૦-૩૦ સ્ટેમના ૩૦ દિવસ

વિજ્ઞાન અને ગણિતના ખ્યાલોને રસપ્રદ રીતે શીખવવા આઈઆઈટી ગાંધીનગર અને સીબીએસઈની અનોખી પહેલ

લગભગ ૨૦ ભારતીય રાજ્યોમાં આ સાપ્તાહિક ઓનલાઇન કાર્યક્રમ જોવામાં આવે છે; વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓના હૃદયસ્પર્શી પ્રતિભાવ મળ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગણિત અને વિજ્ઞાન અંગે અલગ પ્રકારની વિચારસરણીને પ્રોત્સાહન આપતા ઇનોવેટિવ લાઇવ ઓનલાઇન શિક્ષણ પ્રોગ્રામ, '૩૦-૩૦ સ્ટેમ' એ તાજેતરમાં દેશભરમાંથી જબરજસ્ત પ્રતિસાદ સાથે તેના પ્રથમ ૩૦ દિવસ પૂરા કર્યા છે. ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગરના (આઈઆઈટી ગાંધીનગર) સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (સીસીએલ) દ્વારા, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, પુણે (આઈઆઈએસઈઆર પૂણે) સાથે મળીને ૧૬ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ '30-30 STEM' પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો હતો.

દર રવિવારે એક કલાકના લાઇવ સત્રો સાથેના ૩૦ સપ્તાહના આ પ્રોગ્રામે તેના પહેલા પાંચ સાપ્તાહિક સત્રોમાં જ ૧૦ લાખથી વધુ દર્શકોને આકર્ષી લીધા હતા. આ કાર્યક્રમ મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, બિહાર, ઓડિશા, આસામ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ અને કેરળ સહિતના આશરે ૨૦ ભારતીય રાજ્યોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ દ્વારા ખૂબ ઉત્સાહથી જોવામાં અને પસંદ કરવામાં આવી રહ્યો છે.

'૩૦-૩૦ સ્ટેમ' આપણી આસપાસ રહેલા વિજ્ઞાન અને ગણિતના અભ્યાસક્રમમાં રહેલા આનંદ અને સહજ સુંદરતાને બહાર લાવવા માટે દર અઠવાડિયે અનન્ય સામગ્રી લાવે છે. આ કાર્યક્રમનો હેતુ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાને એક ઓનલાઈન પ્લેટફોર્મ પૂરો પાડવાનો છે, જે રોજિંદા જીવનમાંથી આશ્ચર્યની ભાવના જગાવીને વિષયની મર્યાદાઓને તોડીને જીઈર (સાયન્સ, ટેકનોલોજી, એંજીન્યરિંગ એન્ડ મેથ)ને વધુ આકર્ષક બનાવે છે.

પ્રોગ્રામના પ્રથમ પાંચ જીવંત સત્રોએ સહભાગીઓને આ વિષયોની કેટલીક 'કંટાળાજનક અને સખત' વિભાવનાઓને સૌથી નવીન અને અનુભવની રીતે એક્સ્પ્લોર કરવા માટે પ્રોત્સાહિત કર્યા. પ્રથમ સત્ર - 'એડવેન્ચર ઓફ એ૪ શીટ',

બીજો એપિસોડ – 'ફાઈન્ડ યોર લંગ કેપેસિટી'

ત્રીજુ સત્ર – 'ધ વંડર ઓફ કેલેન્ડર'

ચોથો એપિસોડ – 'ધ સાયન્સ ઓફ સ્ટાર્સ, અર્થ એન્ડ મૂન'

'કોમ્પ્યુટેશનલ થિંકિંગ' પરના પાંચમા એપિસોડમાં, ટીમે લેંગ્વેજ ઓફ કમ્પ્યુટર્સ, આંગળીઓ પર બાઈનરી કાઉન્ટિંગ, કમ્પ્યુટર કેવી રીતે કામ કરે છે, લૉંગ ડિવિઝન, બેઝ 'ર' સાથેનો રશિયન ગુણાકાર, વગેરે વિશે સમજાવ્યું.

આ પહેલ પાછળ પોતાના વિચારો અને પ્રેરણા અંગે જણાવતા, આઈઆઈટી ગાંધીનગરમાં સહાયક ટીચિંગ પ્રોફેસર અને '૩૦-૩૦ સ્ટેમ' પ્રોગ્રામના મુખ્ય સંચાલક પ્રોફેસર મનીષ જૈને કહ્યું, ''આ કાર્યક્રમ દ્વારા અમે ગણિત અને વિજ્ઞાનની સુંદરતા, જાદુ, રહસ્યને સહભાગીઓ માટે અનલોક કરવાનો પ્રયાસ કરીએ છીએ. અમારું ધ્યેય છે કે તમે આ વિષયોના પ્રેમમાં પડો. અમે ઇચ્છીએ છીએ કે આ રસપ્રદ વસ્તુઓ અને વિભાવનાઓ અમારા શિક્ષકો અને તેમના માધ્યમથી આપણા દેશના ભાવિ છે તેવા વિદ્યાર્થીઓ સુધી પહોંચે. આ કાર્યક્રમમાં જોડાવા માંગતા દરેકનું સ્વાગત છે.''

બધા સત્રો CCL YouTube channel અને વિજ્ઞાન પ્રસારની **JIO** ટીવીની ચેનલ પર દર રવિવારે સાંજે ૪ થી ૫ દરમિયાન પર લાઈવ રહેશે. આ સત્રો **CCL**ની યુ ટ્યુબ ચેનલ પર પછીથી જોવા માટે પણ ઉપલબ્ધ હશે.